સાન ફ્રાંસિસ્કો સિટી અને કાઉન્ટી

ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક હેલ્થ

પર્યાવરણીય સ્વાસ્થ્ય વિભાગ

**1390 Market Street, Suite 210**
**San Francisco, CA 94102**

મુખ્ય: **(415) 252-3800**

ફેક્સ: **(415) 252-3842**

**http://www.sfdph.org/dph/EH/ResidentialHotels/**

સુધારેલ: જાન્યુઆરી 2011/ J.O.

# ભાડૂતો માટે માંકડ નિયંત્રણ માર્ગદર્શિકા



સાન ફ્રાંસિસ્કો સિટી અને કાઉન્ટી

ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક હેલ્થ

**Environmental Health Section**
**1390 Market Street, Suite 210**
**San Francisco, CA 94102**

ઉપચાર માટે રૂમને કઈ રીતે તૈયાર કરવો અને અન્ય રૂમોમાં માંકડના ફેલાવાને કઈ રીતે અટકાવવો

## માંકડ શું છે?

માંકડ એ સૂક્ષ્મ જંતુઓ છે જે માનવો, પાલતુ પ્રાણીઓ, પક્ષીઓ અને અન્ય પ્રાણીઓના લોહી પર નભે છે. માંકડ પરોપજીવી છે. પુખ્ત માંકડ ¼" લાંબા (ઇંચનો ચોથો ભાગ). તેમને પાંખો હોતી નથી અને ઉડતા નથી. ખોરાક ખાતાં પહેલાં (લોહીનું ભોજન) તેમના શરીર ચપટાં હોય છે અને ત્યારબાદ ગોળ થઈ જાય છે. નવા જન્મેલા માંકડને "નિમ્ફ" કહે છે અને તેમના ઝીણાં, સફેદ શરીર નરી આંખે ન જોઈ શકાય તેવા નાના હોય છે.

## દેખાવ



ચટાઈમાં આશ્રય લેતાં માંકડ



પુખ્ત માંકડ

## મારા રૂમમાં માંકડ છે તે મને કઈ રીતે ખબર પડે?

જો આપના રૂમમાં માંકડ હોય તો તેઓ આપને કરડે તે ભાગ પર આપને ખંજવાળ સાથે ફોલ્લીઓ થશે. આપ આપના રૂમમાં જીવતા કે મરેલાં માંકડ જુઓ તેમ પણ બને. આપની ચટ્ટાઈ, ચાદર કે ઓશીકાના કવર પર લોહી કે મળના ડાઘા (નાના કાળા ડાઘા) છે કે નહીં તે જુઓ.

## માંકડ ઈમારતોમાં કઈ રીતે ઘૂસે છે?

જ્યારે લોકો પોતે અથવા સામાન, કપડાં, ફર્નિચર કે બેડિંગ જેવી તેમની વસ્તુઓ એવા વિસ્તારનાં સંસર્ગમાં આવે જ્યાં માંકડની હાજરી હોય તો માંકડ એક સ્થળેથી બીજા સ્થળે વહન પામે છે. રસ્તા પર પડેલી ચીજ કે અજાણ્યા સ્રોતની વપરાયેલી ચીજો જેમ કે વપરાયેલ ફર્નિચર કે વપરાયેલાં કપડાં જેવી વસ્તુઓ ભેગી કરવામાંથી પણ માંકડ આવી શકે છે.

## શું તે મને બિમાર કરી શકે?

જ્યારે માંકડ કરડે ત્યારે તેના મોંમાંથી નીકળતી લાળથી લોકોને ખંજવાળ આવે છે. જો ખંજવાળને કારણે લોકો વધારે વલૂરે તો તેમના શરીરમાં અન્ય ચેપો થઈ શકે છે. માંકડ માનવોમાં રોગો ફેલાવતા હોવાનું જાણીતું નથી.

## અટકાવ: હું કઈ રીતે માંકડથી છુટકારો મેળવી શકું?

1. જ્યારે આપ માંકડ કે માંકડના ચિહ્નો જુઓ ત્યારે તાત્કાલિક મેનેજરને કહો.
2. મેનેજરને માંકડના કરડવા વિશે કે આપના રૂમમાં માંકડની ગતિવિધિના કોઈપણ પુરાવા અંગે જાણ કરો.

3. માંકડથી મુક્તિ અપાવવામાં મદદ કરવા આવનાર વ્યક્તિ (પેસ્ટ કંટ્રોલ ઑપરેટર)ને આપના રૂમમાં આવવા દો. માંકડના ઉપચાર માટે મેનેજર અને પેસ્ટ કંટ્રોલ ઑપરેટરને સહકાર આપો.
4. માંકડના ઉપચાર પહેલાં આપનો રૂમ તૈયાર કરો. પેસ્ટ કંટ્રોલ ઑપરેટર આપના રૂમમાં આવે તે દિવસે આપના બધા કપડાં અને ચાદર પ્લાસ્ટિક બૅગમાં સીલ કરી દો અને લોન્ડ્રોમેટ ખાતે તેને ધુઓ.
5. બધી ચાદરો અને કપડાંને **ગરમ** પાણીમાં ધુઓ અને **સૌથી ગરમ** સૅટિંગ પર તેને કોરા કરો. આપની રૂમનો ઉપચાર પૂરો ન થાય ત્યાં સુધી ચોખ્ખાં કપડાં અને ચાદર આપના રૂમમાં ન લાવશો અથવા જો આપને બીજી જગ્યા આપવામાં આવે તો નવા રૂમમાં ન લઈ જશો. બધા ધોયેલા કપડાં નવી પ્લાસ્ટિક બૅગ્ઝમાં મૂકો.
6. સ્નાન કરો અને આપ પહેરતાં હો તે કપડાં ધુઓ તથા આપે તાજાં ધોયેલાં ચોખ્ખાં કપડાં પહેરો.
7. પ્રત્યેક માંકડ ઉપચાર માટે કપડાં ધોવા અને કોરા કરવાની પ્રક્રિયાનું પુનરાવર્તન કરો.
8. જો આપના મેનેજર માંકડ વિશેની આપની ફરિયાદોનો પ્રતિસાદ ન આપે તો **સાન ફ્રાંસિસ્કો ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક હેલ્થનો આ નંબર પર સંપર્ક કરો: મુખ્ય: (415) 252-3800**